ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

નાક પકડે, ફેફસાં ફોલે, નિષ્ઠૂર ભૂલાતો નથી,
માણસખાઉ આ કોરોના પાંજરે પુરાતો નથી,
આવતો નથી સામી છાતીએ, બદલે છે નામ-સ્વરુપ -
ડેલ્ટા, આલ્ફા, બીટા બૂરખામાં, એ ઓળખાતો નથી.

હાઈકુ

બાંધે છે ઠગ
પટાવી પટાવીને
રેશમી ગાંઠ!
(ભીડમાં ભળો જઈને)

લ્યો યમરાજે
બદલાવ્યું વાહન -
કોબ્રાની પીઠે
(હવે વધારે ઝેરીલો)

### ચિંતન

**સ્વજનઃ સ્વાત્મવત્ જન્તુર્જ્ઞાયતે ગુણગાન પરૈઃ ।**
**ગૌપૈર્ગોપવદાજ્ઞાપિ હરિર્દેવો જગત્પતિ : ॥**

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જે લોકો તદ્દન નજીકનાં, કુટુંબીજનો તે પોતાના પરિવારના ગુણવાન કે ઊંચું પદ પ્રાપ્ત કરેલ હોય તેવાને પણ તદ્દન સાધારણ જેવો ગણી તનો માન-મરતબો-ગૌરવ સાચવતા નથી કે એના ગુણ-હોદ્દાના સ્થાનની કદર કરી શકતા નથી. જેમ કે જગતનો તાત, ભગવાન કૃષ્ણ જાતે જ વૃંદાવનમાં 'કાનુડો' બની ગાયો ચરાવતા હતા ત્યારે સાક્ષાત્ ભગવાનને અન્ય ગોવાળિયા પણ તેને પોતાના જેવો જ એક સામાન્ય 'ગોવાળ' જ સમજતા હતા.

સમાજમાં જ્ઞાની - વિદ્વાન તરીકે માન-સન્માન પામેલા ઘરમાં અક્કલ વગરના અને ભોળિયા તરીકે કુટાતા હોય છે. તુલસી ગામમાં જાય તો 'તુલસીયો' તરીકે ઓળખાય પણ બહાર 'તુલસીદાસ' તરીકે ઓળખાય માનપાન પામે છે. તુલસી વહાં ન જોઈએ જહાં બાપ કો ગામ.... ગમે તેવો અક્કલનો ખાં હોય તો પણ પત્નિનું સર્ટિફિકેટ એવું જ હોય છે કે 'અમારા એ સાવ ભોળા...'

### સુવિચાર

- મોત પછી કાયમ માટે મૌન થઈ જનારા ઉપકારીઓને જીવતે જીવ મૌન થઈ જવું પડે એટલા નાલાયક તો આપણે કયારેક ન બનીએ - **પૂ. વિજય રત્નસુંદરસૂરીશ્વજી**
- સંપત્તિ વેડફાઈ જાય એ ન પરવડે અને જીવન વેડફાઈ જાય એ? - **જીવન પાથેય**
- રંગ બદલે છે પાન ત્યારે જ એ ખરી જાય છે,
  બાકી તો એનો સંઘરવામાં વૃક્ષનું શું જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તકદીરેં બદલ જાતી હૈ... જબ જિંદગી કા કોઈ મકસદ હો...
  વર્ના જિંદગી કટ હી જાતી હૈ તકદીર કો ઈલ્ઝામ દેતે દેતે - **દર્પન પારીખ**
- પરમાર્થ ઉપર પ્રીતિ થવામાં સત્સંગ એ સર્વોત્કૃષ્ટ અને અનુપમ સાધન છે - **શ્રીમદ્ રાજચંદ્રજી**
- તાણ એક એવું ઘડિયાળ છે જે તમને કહે છે કે તમે નકામા વિચારો ને વળગી રહ્યા છે - **બાયરન કેટી**
- આજનું ઔષધ : ખરજવા ઉપર પાંચ મિનિટ સુધી ગૌમૂત્રનો પાટો બાંધવાથી લાંબે ગાળે રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શેઠે ઘરેકામ કરવા માટે એક યુવાન મજૂર રાખેલો. શેઠાણી એ એમના પિયરથી એમના ભાઈને બોલાવ્યો અને કહ્યું, 'આ યુવાન ને આપણે વધારે પગાર આપીએ છીએ અને કરતાં મારા ભાઈને રાખી લો તો આપેલો પગાર પણ ઘરમાં રહેશે અને પારકા માણસની આપણે આશા રાખવી નહીં. વળી અજાણ્યાનો મને ભરોસો નથી થતો.' શેઠે કહ્યું, કાલે નિર્ણય કરીએ. બીજે દિવસે સવારે શેઠ-શેઠાણી બગીચામાં હિંચકે બેઠા ત્યારે શેઠે તેમના સાળાને કહ્યું, 'મહેમાન, આપણા ઘર પાછળ એક કૂતરી વિયાણી છે, જરા જોઈ આવો.' સાળા સાહેબ ગયા અને કહ્યું, 'સાચી વાત છે, એક કૂતરી વિયાણી છે.' શેઠે કહ્યું, 'કેટલા બચ્ચાં છે?' સાળા સાહેબ કહે, 'ઊભા રહેજો જોઈને આવું છું.' સાળા સાહેબ જોઈને આવ્યા. ને કહે. 'છ બચ્ચા છે' શેઠે ફરી પૂછ્યું, 'કૂતરા કેટલા અને કૂતરી કેટલી છે.' સાળાજી ફરી વાડામાં જોવા ગયા અને પાછા આવ્યા. 'ચાર કૂતરા અને બે કૂતરી છે.' શેઠે કહ્યું, 'ઓકે' થોડીવાર પછી સાળા અંદર ગયા તે દરમિયાન શેઠે પેલા યુવાન નોકરને બોલાવીને કહ્યું, 'આપણા ઘર પાછળ એક કૂતરી વિયાણી છે જરા નજર કરી આવો તો...!!' યુવાનો જોઈ પરત ફર્યો અને કહ્યું, 'કૂતરી ને છ બચ્ચા છે, જેમાંથી બે કૂતરી અને ચાર કૂતરા છે. ત્રણ કાબર ચીતરા અને ત્રણ કાળા બચ્ચાં છે. કૂતરી અશક્ય દેખાઈ રહી છે. અને હમણાં શીરો આપવો પડશે.' શેઠે યુવાનને કહ્યું, 'સારું એને શીરો આપો.' શેઠે શેઠાણીને પૂછ્યું, 'આ યુવાનને રાખવો છે કે તમારા ભાઈએ?' શેઠાણીએ કહ્યું, 'આ યુવાન જ બરાબર છે.' સાર એટલો કે ધ્યાન દઈને અવલોકન - નિરીક્ષણ કરવામાં આવે તો કાર્ય સુપેરે સિદ્ધ થાય છે.

# ન્યાયપાલિકા સરકારના કાન આમળી શકે

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તએ જસ્ટિસ પી.ડી. દેસાઈ સ્મૃતિ વ્યાખ્યાનમાં જે ચિંતા વ્યક્ત કરી છે તે ધ્યાનાર્થ છે. બંધારણનો અમલ કરાવવાની ફરજ ફક્ત ન્યાયપાલિકાના શિરે ન થોપી શકાય. લોકશાહીના ત્રણેય સ્તંભો - સંસદ, કારોબારી અને ન્યાયપાલિકાની એ સહિયારી જવાબદારી છે. આજે જે પરિસ્થિતિ સરજાઈ છે એમાં સંસદ અને કાર્યકારી બેફામપણે વર્તતાં દેખાય છે. એમને સત્તાનો નશો છે. બહુમતી છે. વળી સંસદનું બૌદ્ધિક સ્તર ક્રમશઃ નીચું ને નીચું જતું ગયું છે. સરકાર એના સત્તાલક્ષી એજંડા મુજબ કામ કરે છે જેમાં બંધારણ તો કયાંક હાંસિયે ધકેલાઈ જાય છે. ન્યાયપાલિકા એમને એમની સત્તાની લક્ષ્મણરેખાઓ આંકી બતાવે છે. બહુમતી કે વિચારધારાના જોરે બંધારણને ઓવરટેક કરતી કાર્યકારિણીની કાનપટ્ટી પકડીને ન્યાય પાલિકા કયારેક એવા આદેશો અને નિરીક્ષણો કરે છે કે ચૂંટાયેલી સરકારને એની સત્તામાં એ હસ્તક્ષેપ કરતી લાગે છે. પરંતુ જો એવો હસ્તક્ષેપ ન કરે તો બંધારણને આ લોકો તો માળિયે ચડાવી દે અને મન ફાવે એવા નિર્ણયો કરે. આથી ન્યાયપાલિકા પાસે સંસદ અને કાર્યકારિણીની સત્તાનું નિયંત્રણ કરવાની સત્તા રહે તે જરૂરી જ નહીં અપિતુ અનિવાર્ય છે. છેલ્લાં થોડાંક વર્ષો દરમિયાન ન્યાયપાલિકા જરા વધુ પડતી પ્રો.એક્ટિવ બની હોય તો એની પાછળ સંસદ અને કાર્યકારિણીની આછકલાઈ જ જવાબદાર છે. નાગરિકને એના બંધારણીય હક્કોથી વંચિત રાખી શકાય નહીં. મહામારી જેવી વિભીષિકા વખતે વૈજ્ઞાનિક સલાહસૂચનોના ધજાગરા ઉડાડી રેલીઓ અને સભાઓમાં ભીડ એકઠી કરતા નેતાઓ ન્યાયપાલિકાના સ્કેનરમાં આવી જ જતા હોય. એટલે નાછૂટકે ન્યાયપાલિકાને બે આકરાં વેણ ઉચ્ચારવાની ફરજ પડે અને મહામારીનો ભોગ બનતી અબુધ પ્રજાને ચેતવીને જરૂર પડ્યે એની સામે દંડનીય કાર્યવાહી કરવાના આદેશ પણ કરવા પડે. ચીફ જસ્ટિસ રામન્નાએ કોવિડકાળ દરમિયાન જે બેદરકારીપૂર્વક પ્રજાને એના કિસ્મતના સહારે છોડી દેવાઈ હતી અને તંત્રના બેજવાબદારીપૂર્વક વર્તાવથી લાખો નાગરિકો મોતના મુખમાં ઓરાઈ ગયા હતા એ મુદ્દા પ્રત્યે પણ સંકેત કરીને બિટ્વિન ધિ લાઈન્સ કહેવા જેવું ઘણું બધું કહી દીધું છે. પરંતુ સત્તાધીશોને ન્યાયપાલિકાનો આવો હસ્તક્ષેપ ગમતો નથી. કોરોનાથી મૃત્યુ પામેલા લોકોને પણ કો-મોર્બિડ બતાવી એમનું મોત હાર્ટએટેક કે કિડની ફેલ થઈ જવાથી અથવા ન્યુમોનિયાથી થયું હોવાનું પ્રમાણપત્ર બઝાડી દેવાના અસંખ્ય કિસ્સા સામે આવ્યા છે. એની પણ ન્યાયપાલિકાએ નોંધ લીધી છે અને કોરોનાના પેશન્ટના ડેથ સર્ટિફિકેટમાં એનું મૃત્યુ કોવિડ-૧૯થી થયું હોવાની સ્પષ્ટ નોંધ કરવાનું અનિવાર્ય બનાવ્યું છે. સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ફંડ ભૂકંપ કે અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતો માટે જ નિર્ધારિત કરાયેલ હોઈ કોરોનાથી મૃત્યુ પામેલા દરદીઓને વળતર નહીં આપી શકાય એવી દલીલ કરી ત્યારે પણ અદાલતે એનો આગ્રહ છોડ્યો નથી. ગમે તે કરો, નવું ફંડ ફાળવો - પણ કોરોનાથી મૃત્યુ પામેલ વ્યક્તિના પરિવારને વળતર તો ચૂકવવું જ પડશે. ચાર-ચાર લાખની માતબર રકમ ચૂકવતાં તિજોરી ખાલી થઈ જતી હોય અને વિકાસ કાર્યો અટકી પડતાં હોય તો રકમ ઓછી કરો, પણ વળતર તો ચૂકવો જ ચૂકવો. ન્યાયપાલિકાનો આ પુણ્યપ્રકોપ સત્તાધીશોને તો કઠે જ; એ જયારે ઓક્સિજન કે બેડ અને દવાઓ બાબતે અથવા રસીકરણ મુદ્દે કંઈ શિખામણ આપે છે તે પણ ચૂંટાયેલી કેન્દ્ર કે રાજય સરકારોને નથી ગમતી. પણ એ સ્તો એનું કામ છે 'રૂલ ઓફ લૉ' - કાયદાનું શાસન સ્થપાય અને બધું નિયમાનુસાર કામ થાય તે જોવાની ફરજ કાર્યકારિણીની છે. આફ્રિકામાં બે ટર્મ ભોગવી ચૂકેલા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિને પણ ત્યાંની સુપ્રીમ કોર્ટે જેલના સળિયા પાછળ ધકેલી દઈને દાખલો બેસાડ્યો છે. ભારતમાં રાજકારણીઓ જાણે કાયદાથી પર હોય એ રીતે વર્તતા રહ્યા છે. એવા સંજોગોમાં ન્યાયપાલિકાની સફાઈ જરૂરી બની ગઈ છે. અહીંથી આખીને આખી બેન્કોનાં ઉઠમણાં કરી અબજો રૂપિયા ચાઉં કરી જનારા સરકારની રહેમ નજર હેઠળ વિદેશોમાં મોજ માણે છે. એમનાં દેવાં માંડી વળાય છે. જયારે પાંચ-પચ્ચીસ હજારની લોન નહીં ચૂકવી શકનાર સામાન્ય નાગરિકા ઘર પર ટાંચ આવે છે. જગતના તાત ગણાતા ખેડૂતને દેવું થઈ જતાં લટકી પડવું પડે છે. કોરોનાકાળમાં થયેલાં આવાં અપમૃત્યુનો સાચો આંકડો બહાર આવે તો કદાચ આપણા ગળે પણ કોળિયો નહીં ઊતરે...

# પ્રીતિ જન્મે, સહવાસથી

એ વખતે સ્રીઓનાં નામ કેટલીયવાર પ્રદેશવાચક રહેતા. જેમ કે, ગાંધારી, કૌશલ્યા. એ કૈકેયી હતી - કૈક્ય પ્રદેશની રાજકન્યા. એ ત્યાંના રાજા અશ્વપતિની લાડકી દીકરી હતી. અશ્વપતિ તો ચક્રવર્તી સમ્રાટ, અયોધ્યાના રાજા દશરથ હતો.

(૧) એક વાર દશરથ અશ્વપતિનો મહેમાન બન્યો. એમણે કૈકેયીને જોઈ. અશ્વપતિ પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. રાજા મુરઝાયો. 'આને હા કેમ પાડવી ? આ તો પ્રૌઢ છે. અંતઃપુરમાં અનેક રાણીઓ છે.' દશરથ આ મૂંઝવણ પામી ગયો. એણે અશ્વપતિને વચન આપ્યું. 'કૈકેયીથી જે પુત્ર જન્મશે, એને પોતે ઉત્તરાધિકારી બનાવશે.' હવે રાજા સંમત થઈ ગયો. કૈકેયી પણ પોતાના સારા સ્વભાવને કારણે, દશરથની પ્રિય પત્ની થઈ પડી.

(૨) દંડકવનમાં વૈજ્યન્તનગર હતું. એને સીમાડે યુદ્ધ થયું. આ નગરનો રાજા અસુર શંબર અને દેવરાજ ઈન્દ્ર યુદ્ધે ચડ્યા. ઈન્દ્રની સહાયમાં દશરથ હતો. એણે કૈકેયીને સાથે રાખેલી. એ યુદ્ધવિદ્યામાં નિપુર્ણ હતી. યુદ્ધમાં દશરથ ઘવાયો અને બેભાન થઈ ગયો. બચવાની કોઈ તક ન હતી. ચાલુ યુદ્ધ દરમિયાન કૈકેયીએ રથની લગામ હાથમાં લીધી અને રથને સલામત સ્થળે દોરી ગઈ. રાજા ભાનમાં આવ્યો. વિજય મેળવ્યો, પ્રસન્ન થયો. રાજાએ એને



બે વરદાન માગવા કહ્યું, કૈકેયીએ જવાબ આપ્યો. 'તમે છો, એ પૂરતું છે. વરદાન કેવાં ?' દશરથે કહ્યું - 'ભવિષ્ણમાં માગી લેજે.'

(૩) દશરથને પુત્રો જન્મ્યા : રામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન. આ એમના જન્મનો ક્રમ હતો.

(૪) ભરતને દશરથે મોસાળ મોકલી આપ્યો હતો. બાર વરસ થયા. એણે રામના અભિષેકનો નિર્ણય લીધો.

(૫) પોતે કૈકેયરાજને વચન આપીને આવ્યા છે એ અયોધ્યામાં કોઈને કહ્યું ન હતું. (૬) પોતાના માંડલિક રાજાઓની સભા બોલાવી. પોતાના નિર્ણયની જાણ કરી. આ સભામાં એણે અશ્વપતિને હાજર ન રાખ્યો. (૭) પોતાના નિર્ણયની જાણ કૈકેયીને પણ ન કરી. (૮) પરંતુ કૈકેયીની સાથે પિયરથી એની પ્રિય દાસી મંથરા આવી હતી. તેને આગલે દિવસે જ ખબર પડી - 'કાલે રામનો અભિષેક છે.'એ દોડીને, કૈકેયી પાસે આવી. સમાચાર આપ્યા. કૈકેયી રાજી રાજી થઈ ગઈ. 'ભરત કરતાં તો રામે મને વધુ સાચવી છે. રામને પણ બધી માતાઓમાં હું વધુ વહાલી છું.' એણે તો મંથરાને માળા ભેટમાં આપી દીધી! (૯) મંથરાએ સ્પષ્ટતા કરી. 'રામનો અભિષેક શેનો થાય ?' ભરતનો થવો જોઈએ. દશરથે અશ્વપતિને વચન આપેલું છે. તારી પાસે દશરથે આપેલાં બે વરદાન અનામત છે. તું કોપ ભવનમાં મેલાં ઘેલાં વસ્ત્રે જતી રહે. રાજા આવે, ત્યારે આ બે વરદાન માગી લે.




**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧) ભરતનો અભિષેક (૨) રામનો ચૌદ વરસનો વનવાસ.

અત્યારે અયોધ્યા ભરતને જાણતી નથી. પરંતુ એનો અભિષેક થઈ જાય, પછી લોકો એને ઓળખતા થશે. પ્રીતિ હંમેશા, સહવાસથી જ જન્મે. પરંતુ આ સમયે રામ અહીં હોવા ન જોઈએ. કૈકેયી હવે સંમત થઈ, ભગવતી ગાયત્રીનાં પણ હજાર નામો છે.

- 'ગાયત્રી સહસ્રનામ' એમાં ૧૬૫માં ક્રમે કૈકેયીનું નામ છે. ૮૫૪માં ક્રમે રામમાતા (કૌશલ્યા) પણ છે.

# ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીનું ઉપનામ શું છે?



**ખજાનો**
અનિલ પટેલ

### ભારતનું બંધારણ

૧ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યા સભા)એ કયા નામનું માસિક શરૂ કર્યું હતું?
(અ) બુદ્ધિપ્રકાશ (બ) બુદ્ધિ વર્ધક
(ક) ચાબૂક (ડ) મુંબઈ સમાચાર

૨ 'અલી ડોશો' અને 'મરિયમ' નું પાત્ર ગુજરાતી સાહિત્યની કઈ ટૂંકી વાર્તાના પાત્રો છે?
(અ) લોહીની સગાઈ (બ) માજા વેલાનું મૃત્યુ
(ક) પોસ્ટ ઓફિસ (ડ) શરણાઈના સૂર

૩ ક.મા. મુનશીએ ગુજરાતી સાહિત્યને સૌ પ્રથમ કયો શબ્દ આપ્યો ?
(અ) રસદર્શી (બ) વાસ્તવદર્શી
(ક) ચેતના (ડ) અસ્મિતા

૪ કનૈયાલાલ મુનશીની ગુજરાતનો નાથ, જય સોમનાથ, પૃથિવીવલ્લભ, પાટણની પ્રભુતા વગેરે નવલકથાઓ કેવી છે?
(અ) સામાજિક (બ) મૌખિક
(ક) સાંસ્કૃતિક (ડ) ઐતિહાસિક

૫ નીચેનામાંથી કયા લેખક હાસ્યકવિ તરીકે ઓળકાય છે?
(અ) જયોતિન્દ્ર દવે (બ) સુરેશ દલાલ
(ક) સુન્દરમ્ (ડ) ક.મા. મુનશી

૬ 'રમઝૂ મીર'નું પાત્ર કઈ વાર્તામાં આવે છે?
(અ) લોહીની સગાઈ (બ) શરણાઈના સુર
(ક) વાની મારી કોયલ (ડ) રોટલો

૭ ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીનું ઉપનામ શું છે ?
(અ) ધૂમકેતુ (બ) દ્વિરેફ
(ક) ચં.ચી. (ડ) ઘનશ્યામ

૮ જયંતી દલાલ નીચેનામાંથી કયા સાહિત્ય સર્જનમાં ખ્યાતિ પામ્યા નથી?
(અ) નવલકથાકાર (બ) વાર્તાકાર
(ક) નાટ્યકાર (ડ) સોનેટકાર

૯ મરણટીપ, કમળપૂજા અને ઝૂરાપાકાંડ વગેરે જેવી રચનાઓ કયા સાહિત્યકારની છે?
(અ) જયંતિ ગોહેલ (બ) રા.વિ. પાઠક
(ક) ચિનુ મોદી (ડ) વિનેશ અંતાણી

૧૦ કાકાની શશી, ધ્રુવ સ્વામિની દેવી અને પૌરાણિક નાટકોના સર્જક કોણ છે?
(અ) રા.વિ. પાઠક (બ) ક.મા. મુનશી
(ક) ઉમાશંકર જોશી (ડ) પન્નાલાલ પટેલ

૧૧ મણિભાઈ નભુભાઈ દ્વિવેદી કયા યુગના સાહિત્યકાર છે?
(અ) સુધારક યુગ (બ) ગાંધીયુગ
(ક) પંડિત યુગ (ડ) અનુગાંધી યુગ

૧૨ 'સેહની' ઉપનામથી ગુજરાતી સાહિત્યની કાવ્ય રચના કોણે કરી?
(અ) ક.મા. મુનશી (બ) બ.ક. ઠાકોર
(ક) મણીશંકર રત્નજી ભટ્ટ (ડ) ઉમાશંકર જોષી

૧૩ 'વસંત વિજય', 'ચક્રવાત મિથુન', 'દેવયાનિ', અને 'અતિજ્ઞાન'ના સર્જક કોણ છે?
(અ) કાન્ત (બ) ઉમાશંકર જોષી
(ક) રા.વિ. પાઠક (ડ) બ.ક.ઠાકોર

૧૪ બાલ મુકુન્દ દવેએ કિશોર વયે કયું આખ્યાન રચ્યું હતું ?
(અ) નળાખ્યાન (બ) દમયંતિ આખ્યાન
(ક) ધ્રુવાખ્યાન (ડ) ચંદ્રાહાસાખ્યાન

૧૫ 'ડાયલના પંખી' અને 'હુકમ માલિક' એ કોના એકાંકી સંગ્રહો છે?
(અ) ન્હાનાલાલ (બ) મકરંદ દવે
(ક) ચંદ્રકાન્ત શેઠ (ડ) ચિનુ મોદી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ**

- ૨ જુલાઈ :
  - 'હોમિયાપેથી' ઉપચાર પદ્ધતિના શોદક ડૉ. સેમ્યુઅલ હારેમાનનું નિધન (૧૮૪૩)
  - અમેરિકન પ્રેસિડેન્ટ લિન્ડોન.બી. જોન્સને સિવિલ રાઈટ એક્ટ પર લાઈન કરી (૧૯૬૪)
  - ડેમોક્રેટિક રિપબ્લીક ઓફ કોન્ગોના પ્રથમ પ્રાઈમ મિનિસ્ટર પેટ્રીક બૂમ્બુબાનો જન્મદિવસ (૧૯૨૮)
  - ક્રાન્તિકારી નેતા સુભાષચંદ્ર બોઝની કલક્તામાં ધરપકડ થઈ (૧૯૪૦)
- ૩ જુલાઈ
  - બેટલ ઓફ ગેટીસબર્ગનો આજના દિવસે અંત આવ્યો (૧૮૬૩)
  - ખુબ જ પ્રખ્યાત અમેરિકન એક્ટર ટ્રોમ ફૂઈસનો જન્મદિવસ (૧૯૬૨)
  - સેમ્યુઅલ ડે ચેમ્પલીનો કેનેડા ખાતે ફ્યુઈબેક શહેરની સ્થાપના કરી (૧૬૦૮)
  - ક્રિકેટર હરભજનસિંહનો જન્મદિવસ (૧૯૮૦)
- ૪ જુલાઈ : અમેરિકાનો સ્વતંત્ર દિવસ
  - લોકસેવક પ્રભુલાલ દવેનો જન્મદિવસ (૧૯૧૬)
  - વિવેકાનંદ સ્વામીની પુણ્યતિથિ (૧૯૦૨)
  - અમેરિકાનું મશહૂર સ્ટેચ્યુ ઓફ લિબર્ટીને ફ્રેન્ચ દ્વારા અમરિકાને અર્પણ કરાયું.
  - અમેરિકન લેખક નેથેનીલ હોવર્થોનનો જન્મદિવસ (૧૮૦૪)
- ૫ જુલાઈ :
  - કેપ કોલોનીના પ્રાઈમ - મિનિસ્ટર સેસીલ રોડ્સનો જન્મદિવસ (૧૮૫૩)
  - પ્રથમ કલોનીંગથી જન્મેલું ઘેટું ડોલીનો જન્મદિવસ (૧૯૯૬)
  - આઝાદ હિંદ ફોજની સ્થાપના થઈ (૧૯૪૩)
  - સિંગાપોરના આધ્ય સ્થાપક ટોમસ સ્ટેમ્ફર્ડનો જન્મદિવસ (૧૭૮૧)
- ૬ જુલાઈ :
  - ગુજરાતી પ્રયોગશીલ ગઝલ કવિતાના સર્જક મનોજ ખંડેરિયાનો જન્મદિવસ (૧૯૪૩)
  - અમેરિકન નેવલ ઓફિસર જહોન પૌલ જોન્સનો જન્મદિવસ (૧૯૪૭)
  - પૂર્વ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડબ્લ્યુ બુશનો જન્મદિવસ (૧૯૪૬)
  - લુઈ પાશ્ચરે એન્ટી રેબીસ વેકસીનનું સફળતાપૂર્વક ટેસ્ટ કર્યો (૧૮૮૫)
- ૭ જુલાઈ :
  - રેડિયો એક્ટીવ ધાતુ રેડિયમના શોધક મેડમ મેરી ક્યુરીનું નિધન (૧૯૩૪)
  - મશહૂર ફ્રેન્ચ આર્ટીસ્ટ માર્ક ચાગાલનો જન્મદિવસ (૧૮૮૭)
  - ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીનો જન્મદિવસ (૧૯૮૧)
  - એલેકઝાન્ડર ફાર્બસનો જન્મદિવસ (૧૮૨૧)
- ૮ જુલાઈ :
  - નોર્ધ કોરિયાના પ્રેસિડેન્ટ કિમ-II સંગનું નિધન (૧૯૯૪)
  - કોરિયન વોર દરમિયાન યુનાઈટેડ નેશન્સ ફોર્સના કમાન્ડર તરીકે ડોગ્લાસ મેકઓર્થર નિયુક્ત થયા (૧૯૫૦)
  - જર્નાલીસ્ટ ચાર્લ્સ હેનરી ડોઉએ ધ વોલ સ્ટ્રીક જનરલનો પ્રથમ અંક પ્રસિદ્ધ કર્યો (૧૮૮૯)
  - ક્રિકેટર સૌરવ ગાંગુલીનો જન્મદિવસ (૧૯૭૨)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

કયા પૂર્વ આઈએએસ અધિકારને ઉત્તરપ્રદેશમાં ભાજપાના ઉપાધ્યક્ષ બનાવાયાં છે ?

જવાબ : અરવિંદકુમાર શર્મા

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) રુચિત પટેલ : રાંદેસણ (૩) ઋજિત રાવલ : સે-૭ડી
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭ (૫) જયેન્દ્રપ્રસાદ પાઠક - ઈન્ફો જુ.સા. કૉલેજ
(૬) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૭) આલાપ બ્રહ્મભટ્ટ : સે-૪

**આ સપ્તાહનો સવાલ**

સુરતના કયા સેવભાવી ઉદ્યોગપતિ આમ આદમી પાર્ટીમાં જોડાયા?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'ડે'... 'ડે...' અને 'ડૉકટર્સ ડે' સ્પેશિયલ



**હળવે હૈયે**
પ્રકાશ લાલા

હમણાં થોડાં વર્ષોથી ભાત ભાતના 'ડે' ઊજવવાનો જબરો વાયરો વાયો છે. કોલેજિયનો દ્વારા ઉજવાતા 'ચોકલેટ ડે', 'રોઝ ડે', 'ફ્રેન્ડશીપ ડે', 'રાસ-ગરબા ડ', 'સૂટ અને સારી ડે', વગેરે 'ડે' નું તો હજી સમજ્યા કે આગળ જતાં 'ચક્કી પિસિંગ' અને અતિ જવાબદારી ભરી લાઈફ જીવવાની આવે ત્યારે એ લોકો ભૂતકાળની આવી ઊજવાની યાદગાર પળોને મમળાવીને ખુશ રહે, રાજી થાય.

પણ 'ફાધર્સ ડે' ને 'મધર્સ ડે' ? માતાપિતાને તે કંઈ એક જ જ દિવસ યાદ કરીને, પ્રેમ-સન્માન આપીને ભૂલી જવાનાં હોય? ફાધર-મધર માટેની લાગણી-પ્રેમભાવના ઊજવણાં તો રોજેરોજ કરતા રહેવાનાં હોય ને.... કેમ કે આપણી સંસ્કૃતિ છે : 'માતૃદેવો ભવ - પિતૃદેવો ભવ'ની સંસ્કૃતિ. જેને દેવ સમાન ગણવામાં આવ્યા છે એમનાં તો રોજ પૂજન હોય, સવારે ઊઠીને પ્રથમ માતાપિતાને પગે લાગવાનું હોય. વરસના વચલે દહાડે એમની પ્રતિના પ્રેમનો ઉભરો ને ઉમળકો ઠાલવી, એમને કાર્ડઝ કે ગિફ્ટ આપી, લંચ કે ડિનર આપી, ફોટા પાડી વાત પતાવી દેવાની ના હોય! પણ શું થાય ? જયાંથી આપણે આ નવી પ્રથા 'ઉધાર' લીધી છે તે પશ્ચિમમાં ૧૮ વર્ષના થતા જ સ્વતંત્ર થઈ, ફાધર-મધરથી અલગ રહેવા જતા દીકરા પોતાનાં ફાધર-મધરને વર્ષે એકવાર આ રીતે યાદ કરી, ઋણ અદા કરતો હશે... આપણી કમનસીબી છે કે પશ્ચિમી દેશો પાસેથી આપણે શિસ્ત, સમયપાલન, સિવિક સેન્સ, બીજાંને માન, ફરજ નિષ્ઠા વગેરે નથી શીખતા પરંતુ ત્યાંની 'ફૅશન' અને 'ડે' સેલિબ્રેશનનું ડીંડવાણું પકડી લઈએ છીએ... જવા દો.... નવી પેઢી ઘણી સમજુ ને સ્માર્ટ છે એટલે એ કરતી હશે તે બરાબર કરતી હશે !! અમે આજે આ 'ડે' પુરાણ યાદ આવવાનું કારણ છે. ગઈકાલે તા. પહેલી જુલાઈએ ઊજવાઈ ગયેલો 'ડૉકટર્સ ડે' ડૉકટર એટલે ભગવાન એમ મનાતું. ગંભીર માંદગીના બિછાનેથી - મોતના મુખમાંથી દર્દીને ડૉકટર જ બચાવીને પાછો લઈ આવશે એવી શ્રદ્ધા ડૉકટર્સ ઉપર સૌને હતી ને હોવી જ જોઈએ. પણ આજે પેશન્ટનાં સગાં ડૉકટરને 'દેવ' દે 'દેવદૂત' માનવાને બદલે, પોતાના સ્વજનને ના બચાવ્યો - સરખી સારવાર ના કરી માની લઈ ડૉકટર્સને 'દેવાવાળી' કરતાં અચકાતા નથી. આવી ઘટનાઓ આઘાતજનક અને તબીબોને અન્યાયકર્તા છે.

જેને મન પોતાનું પેશન્ટ પહેલાં, પરિવાર પછી એ ડૉકટર પોતાના પેશન્ટની સારવારમાં કસર શું કામ રાખે? એને સાજો કરવા - બચાવી લેવા ડૉકટર પોતાના તબીબી જ્ઞાન-અનુભવને પૂરેપૂરાં કામે લગાડે જ ને.

પોતાના નામ - યશ - પ્રતિષ્ઠાની ના પડી હોય? પરંતુ એના અથાગ પ્રયત્નો છતાં જો દર્દી સ્વસ્થ ના થાય કે ના બચે તો પછી એમાં ડૉકટરનો વાંક જોવો અને એમની જોડે ઝઘડો કરવો કોઈ રીતે વાજબી નથી જ નથી.

તબીબી ક્ષેત્રે, નિષ્ઠા અને સેવાભાવથી પોતાની ફરજ બજાવનારા આ 'વોરિયર્સ' ના માનમાં, ઓ 'ફેટરનિટી' પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા, ડૉકટરોની સેવાઓને બિરદાવવા દર વર્ષે પહેલી જુલાઈના રોજ 'વર્લ્ડ ડૉકટર ડે' મનાવવામાં આવે છે. 'ડૉકટર્સ' ડે પ્રસંગે બે હાથે ડૉકટરોને સલામ સાથે એમના અને સૌને 'ટેન્શન'માં હળવાશ પૂરી પાડવા પ્રસ્તુત છે થોડી રમૂજો - 'ડૉકટર્સ સ્પેશિયલ'...

એક ભાઈએ પોતાના ફેમિલી ડૉકટર્સ પાસે જઈને ફરિયાદ કરી : 'ડૉકટર, મને હમણાં હમણાંથી રાત્રે ઊંઘ નથી આવતી.' તમે રાત્રે સૂતાં પહેલાં કંઈક ખાવાનું રાખો... 'અરે ડૉકટર, બે મહિના પહેલાં તો તમે મને કહેલું કે રાત્રે સૂતી વખતે કંઈ ના ખાવું...'

પળભર ડૉકટર ક્ષોમ પામ્યા. પણ પછી ધંધાકીય ગૌરવ સાથે બોલ્યા : 'એ તો બે મહિના પહેલાં ને? અરે મહેરબાન, એ પછી તો મેડિકલ સાયન્સે ઘણી પ્રગતિ કરી દીધી છે, સમજ્યા ?'

● ● ●

ડૉકટરે દર્દીને કહ્યું : 'તમારી બિમારીની કંઈ ખબર પડતી નથી...'
દર્દી બોલ્યા : 'તમને શું લાગે છે, ડૉકટર?'
'કદાચ વદારે પડતો દારૂ પીવાના કારણે આણ થતું હશે!'
'કંઈ વાંધો નહીં...' દર્દીએ કહ્યું : 'ડૉકટર, તમે જયારે પીધેલો ન હોય ત્યારે બતાવવ આવીશ...'

● ● ●

દર્દીને તપાસીને દવા લખી આપ્યા પછી ડૉકટરે ફી માંગી : 'હજાર રુપિયા.'
'હજાર ? મારી પાસે...'
'થોડા ઓછા આપો.'
'મારી પાસે એક પૈસોય જ નથી.'
'તો મોંઘા ડૉકટર પાસે શું કામ દોડી આવ્યા છો.' ડૉકટરે અકળાઈને ગુસ્સાથી કહ્યું... 'એમાં એવું છે કે ડૉકટર સાહેબ કે હેલ્થની બાબત હોય ત્યારે હું પૈસા સામે જોતો જ નથી !' દર્દીએ શાંતિથી જવાબ આપ્યો.

● ● ●

નવી તૈયાર થયેલી સરકારી હોસ્પિટલની મુલાકાતે હેલ્થ મિનિસ્ટર આવ્યા. હોસ્પિટલના ડાયકેટર અને સિવિલ સર્જન હેલ્થ મિનિસ્ટરને બધા વિભાગો બતાવી રહ્યા હતા. મહિલા વિભાગમાં આવ્યા એટલે સિવિલ સર્જનને એક વોર્ડ તરફ આંગળી ચીંધી કહ્યું : 'સર, આ લેબર વોર્ડ છે.'

હેલ્થ મિનિસ્ટર તરત બોલ્યા : 'ના, હું લેબર વોર્ડની મુલાકાત નહીં લઉં... તમને ખબર છે ને કે આપણી સરકારમાં લેબર મિનિસ્ટર પણ છે... હું એમના કાર્યક્ષેત્રમાં માથું નહીં મારું!' સર્જન અને હોસ્પિટલની ડાયરેકટરે માથું કુટ્યું !!